શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

દ્વિમાસિક મુખપત્ર

To, ____________________

____________________

____________________

____________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યું.
વર્ષ : ૬ - અંકઃ ૪૪ ડિસેમ્બ-૨૦૧૫/જાન્યુઆરી-૨૦૧૬ (૯૦૯૯૯ ७८१२७)

## ૧) ગોઢાણિયા મહિલા કોલેજ દ્વારા વનાણા મુકામે એન.એસ.એસ. કેમ્પનું આયોજન :-




ડૉ. વી.આર.જી. મહિલા કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ ના એન.એસ.એસ. કેમ્પનું આયોજન તા. ૨૬/૧૨/૨૦૧૫ થી તા. ૦૧/૦૧/૨૦૧૬ દરમ્યાન પોરબંદર નજીકના વનાણા ખાતે કરવામાં આવ્યં હતું. કેમ્પના પ્રથમ દિવસે વનાણા ગામની સરકારી પ્રાથમિક શાળા 'શ્રી વિવેકાનંદ પે. સેન્ટર' માં ઉદ્‌ઘાટન સમારંભ યોજવામાં આવ્યો. જેમાં 'શ્રી રામકૃષ્ણ મિશન, પોરબંદર' થી ખાસ પધારેલા સ્વામીજી શ્રી આત્મદીપાનંદજીના વરદ હસ્તે દીપપ્રાગટય કરવામાં આવ્યું. આ પ્રસંગે ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાંથી ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા, શ્રીમતી મંજુલાબેન ભરતભાઈ વિસાણા તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટરશ્રી પુષ્પાબહેન જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ વનાણાના સરપંચશ્રી શામજીભાઈ મોકરીયા તથા શાળાના આચાર્યશ્રી લીલુબહેન ઓડેદરા અને અન્ય શિક્ષકો તથા ગામના આગેવાનો હાજર હતા. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ જણાવ્ગયું હતું કે ''એન.એસ.એસ. ના કેમ્પ દરમ્યાનની પ્રવૃતિઓ દ્વારા, એન.એસ.એસ.નો હેતુ સાકાર થાય તેમ કરવું જોઈએ.'' સ્વામીજી આત્મદીપાનંદજીએ જણાવ્યું હતું. કે, '' દરેક વ્યકિતને પોતાને શું મળશે ? તે બાબતનો વિચાર ન કરતાં, 'પોતાની શું ફરજ છે ?' તે બાબત વિચારવી જોઈએ અને સમાજ પ્રત્યે પોતાની ભૂમિકા અદા કરવા હંમેશા તૈયાર રહેવું જોઈએ.'' આ સમારંભમાં સરપંચશ્રી તથા શાળાનાં આચાર્યશ્રીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા. અંતમાં, આભારવિધિ પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. ગીતાબહેન ઉનડકટએ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન કુ. બંસી રાવ અને કુ. વનિતા મોઢવાડિયાએ કર્યું હતું.

કેમ્પના બીજા દિવસે ડૉ. સ્મિતાબહેન આચાર્યએ 'સ્ત્રી સશક્તિકરણ' વિષય પર તથા શ્રી નિર્મળાબહેન મહેતાએ 'સ્કાઉટ એન્ડ ગાઈડ' વિષય અંગે માહિતી આપ્યા પછી, સ્ત્રીસશક્તિકરણ અંગે જાગૃતિના હેતુથી એક રેલીનું આયોજન કરાયું. ત્રીજા દિવસે પર્યાવરણના મુદ્દાને ધ્યાનમાં રાખીને ગામનાં સ્મશાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને ત્યાં સાફસફાઈ, કરીને ત્યાંના વૃક્ષોને ગેરૂ તથા ચૂનાથી રંગવામાં આવ્યા. ચોથા દિવસે ગામના મુખ્ય રસ્તાઓ, ગૌશાળા અને મંદિરમાં સફાઈકાર્ય હાથ ધરવામાં આવ્યું. પાંચમા દિવસે પર્યાવરણ અને આરોગ્યના અનુસંધાને પોસ્ટર પ્રદર્શન કરવામાં આવ્યું અને ઘેર-ઘેર ઈકો-ફ્રેન્ડલી બેગનું વિતરણ કરવામાં આવ્યું. છઠા દિવસે રંગબાઈ બીચ પર સફાઈકાર્ય હાથ ધરવામાં આવ્યું.



સાતમા/અંતિમ દિવસે ફરીથી 'શ્રી વિવેકાનંદ પે. સેન્ટર' શાળામાં સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગામના સરપંચશ્રી, શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકગણ હાજર હતા તથા દરેકનું શિબિરાર્થીઓએ પુષ્પથી સ્વાગત કર્યું હતું. આ પછી કુ. વિભૂતિ

ધોકીયાએ કેમ્પ દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃતિઓનો અહેવાલ રજુ કર્યો હતો. આ પછી શિબિરાર્થીઓને કેમ્પ દ્વારા થયેલા અનુભવો અંગેનો અહેવાલ પ્રોગ્રામ ઓફિસરશ્રી, પ્રા.દક્ષાબહેન ચોટાઈએ રજુ કર્યો. આ પછી શાળાના વિદ્યાર્થીઓ તથા શિબિરાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. અંતમાં, આભારવિધિ ડૉ. ગીતાબહેન ઉનડકટ દ્વારા કરવામાં આવી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

## ૨) ગોઢાણિયા કોલેજમાં 'બ્લડ ડોનેશન કેમ્પ' નું કેમ્પનું આયોજન :-

તા. ૧૧/૧૨/૨૦૧૫ ના રોજ ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં એન.એસ.એસ. અને સામુદાયિક સેવાધારાના સંયુક્ત ઉપક્રમે 'આશા ચિલ્ડ્રન હોસ્પિટલ-પોરબંદર' તથા H.D.F.C. BANK, PORBANDAR ના સહયોગથી 'બ્લડ ડોનેશન કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ, પ્રા.ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. જાનકીબહેન કોટેચા, પ્રા. ખુશાલભાઈ શીલુ, પ્રા. પ્રણાલિબહેન જોશી તથા એકાઉન્ટ ઓફિસમાંથી શ્રી અશોકભાઈ જોષી, શ્રી દીપેનભાઈ જોષી તથા મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ રક્તદાન કર્યું હતું. કુલ મળીને '૯૨' બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યું હતું. જે આશા ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે થેલેસેમિયાની સારવાર લઇ રહેલા બાળદર્દીઓની સારવાર અર્થે ઉપયોગમાં લેવામાં આવશે. રક્તદાન કરનાર તમામ વિદ્યાર્થિનીઓને H.D.F.C. BANK, PORBANDAR તરફથી સર્ટીફિકેટ તથા પ્રતીકાત્મક ભેટ આપવામાં આવેલ.

આ કેમ્પ દરમ્યાન ડૉ. વી.આર.જી. મહિલા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ પણ હાજર રહી. વિદ્યાર્થિનીઓ તથા રક્તદાન કરનાર સૌને અભિનંદન પાઠવેલ હતા.

## ૩) ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની વિદ્યાર્થિની કુ. વર્ષા થાનકી – આર્ટ્સ ફેકલ્ટીમાં યુનિવર્સિટી ફર્સ્ટ – ચાર સુવર્ણચંદ્રકો અને ૧૦ પારિતોષિકોથી ગૌરવાન્વિત :-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા માર્ચ/એપ્રિલ-૨૦૧૫ માં લેવાયેલી સ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજની બી.એ. સેમ.-૬ (સંસ્કૃત) ની વિદ્યાર્થિની કુ. વર્ષા થાનકીએ C.G.P.A. મુજબ, ૪૬૦૦ માંથી ૩૭૫૨ ગુણ (૮૧.૫૭ %) મેળવી, આર્ટ્સ ફેકલ્ટીમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી, ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવી આપ્યા છે. તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૫ ના રોજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે યોજાયેલા ૫૦ મા પદવીદાન સમારોહમાં ગુજરાત રાજયના ગવર્નર શ્રી. ઓ. પી. કોહલીસાહેબ તથા નેક કમિટિના ડાયરેક્ટર શ્રી. પ્રો. ડી.પી. સિંઘના વરદ હસ્તે તેનું સન્માન કરવામાં આવ્યું. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના વાઈસ ચાન્સેલર શ્રી. ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ તથા વિશાળ સંખ્યામાં સૌરાષ્ટ્રના શિક્ષિત નાગરિકો ઉપસ્થિત હતા.

કુ. વર્ષાને એનાયત થયેલ સુવર્ણચંદ્રકો (૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એનાયત સુવર્ણ ચંદ્રક, (૨) શ્રી. એમ.ડી. સોલંકી સુવર્ણચંદ્રક, (૩) શ્રી મનહરવદન અંજારીયા સુવર્ણચંદ્રક તથા (૪) સ્વ. શ્રી ડોલરરાય આર. માંકડ સુવર્ણચંદ્રક તથા પારિતોષિકો (૧) સ્વ. હર્ષદરાય એલ. ધોળકીયા પારિતોષિક, (૨) કવિશ્રી સુમંત વેદાંત ટ્રસ્ટ સંસ્કૃત પારિતોષિક, (૩) શ્રી શિવલાલ પાનાચંદ શાહ, આઈ.સી.એસ. પારિતોષિક, (૪) કવિશ્રી જયદેવભાઈ હીરજીભાઈ દેવાણી સંસ્કૃત પારિતોષિક, (૫) શ્રી પ્રાણશંકર ભવાનીશંકર જોષી – ગોંડલ પારિતોષિક, (૬) સ્વ.શ્રી જયપ્રસાદ મોહનલાલ વસાવડા પારિતોષિક અંગેની વિગતો જાણી, ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી, ડૉ. વિરમભાઈ ગોઢાણિયા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ટ્રસ્ટીશ્રીઓ, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ, પ્રાધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થિનીઓ ઉપરાંત, ડૉ. વી.આર.ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના તમામ વિભાગોમાંથી, તમામ સભ્યોએ અભિનંદનની વર્ષા, કુ. વર્ષા થાનકી પર કરી હતી તથા ભાવિ ઉજ્જવળ કારકિર્દિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ૪) ડૉ. વી.આર.જી. મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ 'શિક્ષાવિભૂષણ'ની પદવીથી સન્માનિત :-

તા. ૨૧/૦૧/૨૦૧૬ ના રોજ, ડૉ. વી.આર.જી. મહિલા કોલેજના પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબને 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ' ના 'પરીક્ષા વિભાગ' દ્વારા 'શિક્ષા વિભૂષણ'ની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા. સૌ.યુનિ. પોતાની સ્થાપનાનાં ૫૦ વર્ષ પુરાં કરવા જઇ રહી છે. ત્યારે તા. ૨૧ જાન્યુઆરીના રોજ, સાંજના ૪:૦૦ વાગ્યે હેમુગઢવી હોલમાં યોજાયેલા સન્માન સમારોહમાં – ૫૦ વર્ષ દરમ્યાન સૌ. યુનિ. સાથે (હાલમાં) સંલગ્ન ૨૯૭ કોલેજોમાંથી ૦૬ પ્રિ.શ્રી.ઓની પસંદગી કરીને, તેમને ગુજરાત રાજયના રાજયપાલ શ્રી. ઓ.પી. કોહલી સાહેબના વરદ હસ્તે 'શિક્ષા વિભૂષણ' ની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા. તેમાંના એક ડૉ. વી.આર.જી. મહિલા કોલેજના પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ છે.

શિક્ષણપ્રેમી અને શિસ્તના આગ્રહી ડૉ. નાગરસાહેબ છેલ્લાં ૧૦ વર્ષથી ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં પ્રિ.શ્રી. તરીકે ફરજ બજાવી રહ્યા છે. આ દસકા દરમ્યાન આ મહિલા કોલેજે શિક્ષણક્ષેત્ર ઉપરાંત, અભ્યાસેતર પ્રવૃતિઓમાં પણ સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થા તરીકે નામના મેળવી છે અને સતત પ્રગતિ સાધી રહેલ છે. તેઓ વિદ્યાર્થિનીઓએ સતત અભ્યાસ કરવા, માતા-પિતાની સેવા કરવા અને પર્યાવરણ તથા સ્વચ્છતાની જાળવણી કરવા પ્રેરણા આપતા રહે છે. વિદ્યાર્થિનીઓ અને સંસ્થાની પ્રગતિ એ જ તેમનું ધ્યેય છે.

પોતાના સન્માનના પ્રસંગે પણ તેમણે જણાવ્યું હતું કે, ''આ સન્માન માત્ર મારું જ સન્માન નથી, પરંતુ મહિલા કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ વહીવટી સ્ટાફ, વિદ્યાર્થિનીઓ તથા મેનેજમેન્ટનું સન્માન છે.'' આમ, પોતાને પ્રાપ્ત થયેલ ગૌરવનું શ્રેય તેમણે ડૉ. વી.આર.જી.

મહિલા કોલેજને આપ્યું છે. તેમની સાથે પોરબંદરની જ ભૂમિના અન્ય એક નિવૃત પ્રિ.શ્રી. પલાણસાહેબનું પણ 'શિક્ષાવિભૂષણ' પદવી સાથે સન્માન કરાયું છે. પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબના સન્માનના આ પ્રસંગે પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ટ્રસ્ટીગણ, શૈક્ષણિક/વહીવટી કર્મચારીઓ તથા તમામ વિભાગના વડાઓએ ડૉ. નાગરસાહેબને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

## ૫) ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં પ્રજાસત્તાક પર્વની ઉમંગભેર ઉજવણી :-

ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં તા. ૨૬ જાન્યુઆરીના રોજ, પ્રજાસત્તાક પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. જેમાં શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો.

સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ જણાવ્યું કે, ''ભારતના નાગરિકો માટે આજનો દિવસ એક ગૌરવપૂર્ણ દિવસ છે. આજના દિવસે ભારતના નાગરિકોને એક સૌથી મોટા લોકશાહી દેશના નાગરિકો બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. વિશ્વમાં એક માનવી તરીકે શ્રેષ્ઠજીવન જીવવા માટે જે-જે અધિકારો જરૂરી છે. તે તમામ અધિકારો ભારતના નાગરિકોને પ્રાપ્ત થયેલ છે. સાથોસાથ નાગરિકોની કેટલીક ફરજો પણ છે. દરેક નાગરિકે એ વિચારવું જરૂરી છે કે, હું મારા રાષ્ટ્ર માટે શું કરી શકું ? સાથોસાથ ડૉ. વિરમભાઈએ એમ પણ જણાવ્યું હતું કે દરેક નાગરિકના હૃદયમાં દેશપ્રેમ અનિવાર્ય રીતે હોવો જરૂરી છે અને પ્રગતિનો સાચો આધાર શિક્ષણ છે.



તેથી દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનને તેમણે શિક્ષણ મેળવવાની બાબતે વધુને વધુ ગંભીર બનવા ભારપૂર્વક ભલામણ કરી હતી અને સ્વચ્છતા તથા પર્યાવરણની જાળવણી કરવાની પણ દરેક નાગરિકની ફરજ છે. તેમ જણાવ્યું હતું.''



આ પછી યોજાયેલા પારિતોષિક વિતરણ સમારંભમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ તથા ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિદ્યાર્થિનીઓને ડૉ. વિરમભાઈ ગોઢાણિયા અને મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા સંકુલમાં કાર્યરત તમામ વિભાગના વડાશ્રીઓના વરદ હસ્તે શિલ્ડ તથા સર્ટીફિકેટ એનાયત કરી, સન્માનિત કરવામાં આવી અને પછી યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંકુલના તમામ વિભાગો દ્વારા ગ્રુપડાન્સ, સ્પીચ, દેશભક્તિ ગીત તથા શ્રી. ચેતનભાઈ દવે દ્વારા લિખિત/દિગ્દર્શિત નાટક 'અખંડતા' રજુ કરાયું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન, બી.કોમ. સેમ.-૪ (અંગ્રેજી માધ્યમ) વિદ્યાર્થિનીઓ કુ. કૃપા ચરાડવા તથા કુ. હની ભડિયાદ્રાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી - ડૉ. ગીતાબહેન અને પ્રા. દક્ષાબહેન ઉપરાંત, એન.એસ.એસ.માં જોડાયેલી વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી તથા તેમને વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ તથા પ્રિન્સિપાલશ્રી નાગરસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમના અંતે સૌને ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

## ૬) C.C.D.C./UDISHA અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) તા. ૩૧/૧૨/૨૦૧૫ ના રોજ, શ્રી મારવાડી એન્જિનિયરીંગ કોલેજ-રાજકોટથી પ્રા.સિરાજ બ્લોચ અને પ્રા. પારસ રૂઘાણીના સહયોગથી ડૉ. વી.આર.જી.મહિલા કોલેજમાં એક Student Development Programme નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમ-૬ માં

અભ્યાસ કરતી અંદાજિત ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રા. રૂઘાણી દ્વારા 'વ્યક્તિત્વ વિકાસ' સંબંધિત માહિતી પી.પી.ટી. દ્વારા આપવામાં આવી. કાર્યક્રમનું સંચાલન કુ. કૃપા ચરાડવા અને કુ. વિભૂતિ ધોકીયાએ કર્યું હતું. આભારવિધિ કન્વીનરશ્રી કલ્પનાબહેન જોષીએ કરી હતી.

૨) તા. ૦૭/૦૧/૨૦૧૬ થી 'પ્રિલિમિનરી બેંકિંગ પરીક્ષા' અંગેના વર્ગો શરૂ કરવામાં આવ્યા. જેના ઉદ્દ્ઘાટન પ્રસંગે પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે હાજર રહીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું તથા કન્વીનરશ્રી કલ્પનાબહેન જોષીએ આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થિનીઓએ સજ્જ થવા અંગે ભારપૂર્વક ભલામણ કરી હતી. આ વર્ગમાં કુલ ૧૦૨ જેટલી વિદ્યાર્થિનીઓ જોડાયેલ છે. આ વર્ગો ચલાવવામાં મહિલા કોલેજના કોમર્સ વિદ્યાશાખાના પ્રાધ્યાપકશ્રીઓ, પ્રા. જાનકીબહેન કોટેચા, પ્રા. ભાવિકાબહેન ગોહેલ તથા પ્રા. નિલેષ ઠકરાર ઉપયોગી સેવાઓ પુરી પાડી રહ્યા છે.

૩) તા. ૧૧/૦૧/૨૦૧૬થી ત્રણ દિવસ માટે, હોમસાયન્સ વિભાગ તથા C.C.D.C. ના સંયુકત ઉપક્રમે - શ્રી નવજીવન ટ્રસ્ટ તથા મહિલા કલ્યાણકેન્દ્ર-પોરબંદરના સહયોગથી ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, વાંસમાંથી ઉતમ નમૂનાઓ બનાવવા માટેના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહિલા કોલેજની ૩૦ જેટલી વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. જેમાં શ્રી જયેશભાઈ ભટ્ટ તથા અન્ય મહાનુભાવોની ઉપયોગી સેવાઓ પ્રાપ્ત થઇ હતી.

૪) તા. ૧૯/૦૧/૨૦૧૬ ના રોજ, 'વિશ્વાસ એકેડમી-અમદાવાદ' ના મેનેજીંગ ડાયરેકટર શ્રી તોમરસાહેબ તથા ડાયરેકટરશ્રી પોરીનસાહેબ દ્વારા એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલું. જેમાં G.P.S.C./U.P.S.C. ની પરીક્ષા પદ્ધતિ તથા સરકારી ભરતી અંગેની માહિતી પુરી પાડવામાં આવી. સાથે જ શ્રી તોમરસાહેબને તેમની નિરંતર સેવાઓ બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ વ્યાખ્યાનમાં આશરે ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વ્યાખ્યાનના અંતે પ્રશ્નોતરી પણ રાખવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. કૃપા ચરાડવા તથા કુ. ખુશ્બુ લોઢારીએ કર્યું હતું.

૫) તા. ૨૩/૦૧/૨૦૧૬ ના રોજ, G.P.S.C./U.P.S.C. ના એક વિશેષ તાસનું આયોજન કરવામાં આવેલું. જેમાં શ્રી તોમરસાહેબે સતત ૦૬ કલાક સુધી 'ભારતનું બંધારણ' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું.

## ૭) એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૧૧/૧૨/૨૦૧૫ - રકતદાન કેમ્પ.

★ તા. ૨૬/૧૨/૨૦૧૫ થી તા. ૦૧/૦૧/૨૦૧૬ સુધી વાર્ષિક કેમ્પ.

★ તા. ૨૬/૦૧/૨૦૧૬ ના રોજ પ્રજાસતાક પર્વની ઉજવણી.

## ૮) Youth Red Cross અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૧૪/૧૨/૨૦૧૫ - થેલેસેમિયા જાગૃતિ' અંગે એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. સી.જી. જોષી સાહેબ તથા શ્રી દક્ષભાઈ મોઢવાડિયાએ હાજર રહી ઉપયોગી માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

★ તા. ૨૧/૧૨/૨૦૧૫ ના રોજ, ટી.બી.ના રોગ અંગે જાગૃતિ કેળવવા માટે એક વ્યાખ્યાન તથા વીડિયો શો નું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી સમીરભાઈ હિંડોચા તથા શ્રી વિમલભાઈ હિંડોચાએ સેવાઓ આપી હતી.

★ તા. ૨૩/૧૨/૨૦૧૫ના રોજ, 'મહિલા અને આરોગ્ય' એ વિષય પર 'Group Discussion ' નું આયોજન કરવામાં આવ્યું.

★ તા. ૩૦/૧/૨૦૧૬ના રોજ, એક એક્ષ્પર્ટ લેકચરનું આયોજન કરાયું જેમાં પ્રા. દેવાયતભાઈ બાકુએ 'કિશોરાવસ્થાની સમસ્યાઓ અને તેનું નિવારણ' અંગે વ્યાખ્યાન આપેલ.

## ૯) લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૨૨/૧૨/૨૦૧૫ - લાઈબ્રેરીયન શ્રી ભાસ્કરભાઈ જાની દ્વારા વ્યાખ્યા.

★ તા. ૨૧/૧/૨૦૧૬ - એક્ષ્પર્ટ લેકચરર વકતા, ડૉ. સુલભાબહેન દેવપુરકર. વિષય - 'Book Review કેવી રીતે કરી શકાય ?' જેમાં બી.એ. સેમ-૬ ની ગુજરાતી તથા સંસ્કૃત વિષયની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

★ તા. ૨૮/૧/૨૦૧૬ - સમાજશાસ્ત્ર વિષયનાં પુસ્તકોનું પ્રદર્શન.

## ૧૦) સ્કાઉટ એન્ડ ગાઈડ અંતર્ગત પ્રવૃતિ :-

★ તા. ૨૭/૧૨/૨૦૧૫ - સ્કાઉટ એન્ડ ગાઈડ One day Camp - વનાણા મુકામે.

★ તા. ૩૦/૧૨/૨૦૧૫ - સ્કાઉટ / ગાઈડ ટ્રેનિંગ.

★ તા. ૧૬/૦૧/૨૦૧૬ - સ્કાઉટ / ગાઈડ પરેડ સલામી ટ્રેનિંગ.

★ તા. ૨૬/૦૧/૨૦૧૬ - રાષ્ટ્રધ્વજ સલામી.

## ૧૧) ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં ત્રિવેણીસંગમ કાર્યક્રમ :-

ડૉ. વી.આર.જી. મહિલા કોલેજમાં દર વર્ષે જાન્યુઆરી માસ દરમ્યાન કોલેજમાં કાર્યરત ત્રણેય વિદ્યાશાખાઓ - આર્ટ્સ, કોમર્સ અને

હોમસાયન્સ તથા આર્ટ્સ વિદ્યાશાખામાં ભણાવાતા મુખ્ય વિષયોને કેન્દ્રમાં રાખીને વાલીશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ તથા વર્તમાન વિદ્યાર્થિનીઓ - એમ સંસ્થાની ત્રણેય પાંખના સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. તે અનુસંધાને આ વર્ષે પણ ચાર વખત ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની વિગતો જોઈએ તો

**૧) તા. ૦૨/૦૧/૨૦૧૬** ના રોજ, આર્ટ્સ વિદ્યાશાખામાં ભણાવાતી ચારેય મુખ્ય ભાષાઓ - અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત અને ગુજરાતી - એટલે કે, સાહિત્ય વિભાગ દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષપદ 'શ્રી પોલિટેકનિક કોલેજ-પોરબંદર' ના પૂર્વ પ્રિન્સિપાલશ્રી ડૉ. પી.વી. ગોહેલ સાહેબ (કે જેઓ મહિલા કોલેજના IQAC ના સભ્યશ્રી પણ છે.) ખાસ ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ પદે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા હોસ્ટેલના એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી (તેઓ પણ કોલેજ IQACના સભ્ય છે.) ઉપસ્થિત હતા.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબે ઉપસ્થિત મહાનુભાવો, વાલીશ્રીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓનું શબ્દોથી સ્વાગત કર્યું અને સાથે વાલીશ્રીઓને ભારપૂર્વક ભલામણ કરી કે, 'તેઓ પોતાની પુત્રીઓના અભ્યાસ પ્રત્યે સજાગ રહે.' ડૉ. એમ.એન. વાઘેલાસાહેબે ચારેય ભાષા વિભાગો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન અભ્યાસવર્તુળ દ્વારા કરવામાં આવેલી પ્રવૃતિઓનો અહેવાલ રજૂ કર્યો. ડૉ. પી.વી. ગોહેલ સાહેબે પોતાના અધ્યક્ષીય પ્રવચન દરમ્યાન વિદ્યાર્થિનીઓની અંદર રહેલી શક્તિઓને પારખવા માટે વાલીશ્રીઓ તથા પ્રાધ્યાપકશ્રીઓને ભારપૂર્વક ભલામણ કરી. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓએ સમગ્ર વર્ષ દરમ્યાન કરેલી પ્રવૃતિઓ તથા સ્પર્ધાઓમાં વિજેતા થવા બદલ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે તેમને શિલ્ડ તથા સર્ટીફિકેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવી.

આ પછી રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ નાટક, સ્કીટ, નૃત્ય તથા ગરબી જેવા કાર્યક્રમો રજુ કરી પોતાની પ્રતિભાનાં દર્શન કરાવ્યા. અંતમાં, ડૉ. ગીતાબહેન ઉનડકટ દ્વારા આભારવિધિ કરાયા પછી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દેવાંગી કોટિયા, અશ્વિની સોનીગ્રા, હિરલ રાયઠઠા તથા તરૂણા બડવાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ચારેય વિભાગના અધ્યક્ષશ્રીઓ - ડૉ. સુલભાબહેન દેવપુરકર, ડૉ. એમ.એન. વાઘેલા, ડૉ. કમલેશભાઈ ગોહેલ, ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા અન્ય પ્રાધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૨) તા. ૦૯/૦૧/૨૦૧૬**ના રોજ, મહિલા કોલેજમાં ભણાવાતા સામાજિક વિજ્ઞાનો - અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને હોમસાયન્સ વિદ્યાશાખાના ઉપક્રમે ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા સમારંભના અધ્યક્ષપદે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ટ્રસ્ટીશ્રીઓ શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા અને શ્રી ભરતભાઈ વિસાણા ઉપરાંત, શ્રી. સાહેલી ગ્રામ્ય વિકાસ સંસ્થાન-બગવદર ના પ્રમુખશ્રી શ્રીમતી નીતાબહેન વોરા (કે જેઓ મહિલા કોલેજના IQAC સભ્ય છે.) તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી. પુષ્પાબહેન જોષી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય તથા સરસ્વતીવંદના સાથે કરવામાં આવ્યો. આ પછી તરત જ પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે ઉપસ્થિત મહાનુભાવો, વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓનું શબ્દોથી સ્વાગત કરતાં જણાવ્યું કે, મહિલા કોલેજમાં અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ હોવા ઉપરાંત ભાવિ કારકીર્દિના ઘડતર માટે માર્ગદર્શન કેન્દ્રો પણ ઉપલબ્ધ છે. વિદ્યાર્થિનીઓ આ બધી તકોનો લાભ લઇ યોગ્ય વિકાસ સાધે તે માટે વાલીશ્રીઓએ પણ પોતાની પુત્રીઓના અભ્યાસ પ્રત્યે કાળજી લેવી જરૂરી છે. આ પછી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પણ વાલીશ્રીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓને સતત મહિલા કોલેજના સંપર્કમાં રહેવાની ભલામણ કરી હતી. શ્રીથી જયશ્રીબેન વિરમભાઈ ગોઢાણિયા તથા શ્રીમતી નીતાબહેન વોરાએ પણ પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનો દરમ્યાન મહિલા કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા. આ પછી તરત જ ડૉ. ઈલાબહેન થાનકીએ સમગ્ર વર્ષ દરમ્યાન 'અભ્યાસવર્તુળ'ના ઉપક્રમે ચારેય વિભાગમાં થયેલી વિવિધ સ્પર્ધાઓ, પ્રવૃતિઓ તથા Short Term Courses અંગેની વિગતવાર માહિતી પુરી પાડી હતી. આ પછી તરત જ ચારેય વિભાગ દ્વારા વર્ષ દરમ્યાન થયેલી પ્રવૃતિઓ તથા સ્પર્ધાઓ તથા Short Term Course માં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલી વિદ્યાર્થિનીઓ તથા યુનિ.ની. પરીક્ષાઓમાં ડિસ્ટીંશકન ટકાવારી સાથે ઉતીર્ણ થયેલી વિદ્યાર્થિનીઓને શિલ્ડ, સર્ટીફિકેટ તથા ફાઈલ આપી સન્માનિત કરવામાં આવી.

આ પછી રજૂ કરાયેલા સાસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ શિવસ્તુતિ, રાસ, સ્કીટ, સોલો ડાન્સ અને સ્પીચ જેવા કાર્યક્રમો રજુ કરી પોતાની પ્રતિભાનો પરિચય આવ્યો હતો તથા વાલીશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ અને વર્તમાન વિદ્યાર્થિનીઓએ કોલેજ અંગેના પોતાના પ્રતિભાવો રજુ કર્યા પછી ડૉ. ચેતનાબહેન બેચરાએ આભારવિધિ કરી તથા અંતમાં, રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સંચાલન કુ. ચાંદની થાનકી તથા કુ. માનસી મોઢાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ વિભાગના અધ્યક્ષશ્રીઓ ડૉ. ચેતનાબહેન બેચરા, ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. રેખાબહેન મોઢા, પ્રા. દેવાયતભાઈ બાકુ - અન્ય પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૩) તા.૧૬/૦૧/૨૦૧૬** ના રોજ, મહિલા કોલેજમાં કાર્યરત કોમર્સ વિદ્યાશાખા (અંગ્રેજી માધ્યમ) દ્વારા ત્રિવેણી સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભાના અધ્યક્ષપદે શ્રી રવિ નાયર (શ્રી સાંદિપની ઈંગ્લીશ મીડિયમ સ્કુલના પ્રિન્સિપાલશ્રી) ઉપસ્થિત હતા. સાથે જ ડૉ. વી.આર.જી. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા શ્રી પુષ્પાબહેન જોષી પણ હાજર હતા. અંદાજિત ૭૦ થી વધુ વાલીશ્રીઓ અને મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ પણ ઉપસ્થિત હતી.

કાર્યક્રમનો શુભારંભ દીપપ્રાગટ્ય અને શ્લોકગાન સાથે કરવામાં આવ્યો. આ પછી તરત જ પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે ઉપસ્થિત સર્વે

મહાનુભાવો તથા વાલીશ્રીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓનું શબ્દોથી સ્વાગત કર્યું. આ પછી કોમર્સ (અંગ્રેજી માધ્યમ)ના કો-ઓર્ડિનેટરશ્રી કલ્પનાબહેન જોષીએ વર્ષ દરમ્યાન કોમર્સ (અંગ્રેજી માધ્યમ) દ્વારા કરવામાં આવેલી પ્રવૃતિઓનો અહેવાલ રજુ કર્યો અને માર્ચ-૨૦૧૫ દરમ્યાન લેવાયેલી યુનિ.ની. પરીક્ષાનાં પરિણામો અંગેની વિગતો આપી જે ૧૦૦ % હતા. સાથે જ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થિની કુ. ભાવનાણી ભાવિશા કે જેણે સમગ્ર પોરબંદર જિલ્લામાં કોમર્સ વિદ્યાશાખામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. તે અંગેની જાણ પણ ઉપસ્થિત સર્વેને કરી.

આ પછી અધ્યક્ષશ્રી નાયરસાહેબે પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં વાલીશ્રીઓને ભારપૂર્વક ભલામણ કરી કે, તેઓ પોતાની પુત્રીઓમાં રહેલી શક્તિઓને પારખે અને તેમને તેમની કારકીર્દિ અંગેનો નિર્ણય સ્વતંત્ર રીતે લેવાયેલી છુટ આપે અને જરૂરી માર્ગદર્શન પુરા પાડી. તેમનાં વ્યક્તિત્વમાં રહેલી ગુણવતાઓને પારખે, માત્ર પરીક્ષાના પરિણામો તરફ જ નજર રાખવી જરૂરી નથી. ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પણ પોતાનાં પ્રવચન દરમ્યાન કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અંગે પોતાના હકારાત્મક પ્રતિભાવો રજુ કર્યા હતા તથા શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ પણ વાલીશ્રીઓને તેમની પુત્રીઓના શિક્ષણ પ્રત્યે જાગૃત બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને પુત્રીઓને તેમની મરજી મુજબ કારકીર્દિ ઘડવાની છુટ આપવાની પણ ભલામણ કરી હતી.

આ પછી વિદ્યાર્થિનીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ ઉજવાયો. જેમાં યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ૭૦% થી વધુ ટકાવારી મેળવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓને ફાઈલ અને સર્ટીફિકેટથી સન્માનિત કરવામાં આવી તથા સેમ-૬ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને નીચેના એવોર્ડ સાથે સન્માનિત કરવામાં આવી.

★ Best Academic Performer - Dhada Zarina
★ Most Regular student - Solanki Pratibha
★ Best Mentor - Gajara Ishani
★ Best in Drama - Joshi Mital
★ All Rounder - Pankhaniya Ekta
★ Most Active Student in study Circle - Karavdra Bhavna
★ Best in sports - Joshi Komal

આ પછી વાલીશ્રીઓ દ્વારા અપાયેલા પ્રતિભાવોમાં સેમ-૨ ની વિદ્યાર્થિનીઓ - સવજાણી જાહ્નવીના પિતાશ્રી પ્રવિણભાઈ સવજાણી તથા આલિશા સિંધવાણીના આન્ટી શ્રીમતી ફાતિમાબહેને હકારાત્મક પ્રતિભાવો રજુ કર્યા.

આ પછી ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ દ્વારા રજુ થયેલા પ્રતિભાવોમાં કુ. ભાવનાણી ભાવિશા કે જે માર્ચ-૨૦૧૫ ની યુનિ.ની પરીક્ષામાં સમગ્ર પોરબંદર જિલ્લામાં પ્રથમ ક્રમાંકે આવેલ છે તેણે તથા કુ. લાખાણી ધારા કે જે HDFC Bank Porbandar ખાતે કાર લોન ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે અને કુ. ચાંડેગ્રા મિતલ કે જેણે IBPS ની પ્રિલિમિનરી પરીક્ષા પસાર કરી છે. તેણે કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અંગે પોતાના હકારાત્મક પ્રતિભાવો રજુ કર્યો

આ પછી રજુ થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગણેશસ્તુતિ, 'Save the girl child' નૃત્ય નાટિકા ઉપરાંત, 'સ્વચ્છ ભારત' થીમ ઉપર આધારીત માઈમ અને કલાસિકલ ડાન્સ રજુ કરવામાં આવ્યા. અંતમાં, પ્રા. જાનકીબહેન કોટેચા દ્વારા આધારવિધિ કરાયા પછી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. નિયતિ દલાલ તથા કુ. કૃપા ચરાડવા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી કલ્પનાબહેન જોષી, અન્ય પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

**૪) તા. ૨૩/૦૧/૨૦૧૬** ના રોજ, મહિલા કોલેજમાં કાર્યરત, કોમર્સ વિદ્યાશાખા (ગુજરાતી માધ્યમ) દ્વારા ત્રિવેણીસંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અધ્યક્ષપદે શ્રી. યુ. વી. જોષી સાહેબ (કે જેઓ મહિલા કોલેજના IQAC સભ્ય છે.) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત, ડૉ. વી.આર.જી. બી.એડ્. કોલેજના પ્રિ.શ્રી. ભરડાસાહેબ, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી પણ ઉપસ્થિત હતા.

કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્યથી કરાયા બાદ પ્રિ.શ્રી.ડૉ. નાગરસાહેબે સૌનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં પણ મોટી સંખ્યામાં વાલીશ્રીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ હાજર રહ્યા હતા. વર્ષ દરમ્યાન થયેલી વિવિધ પ્રવૃતિઓ અને સ્પર્ધાઓના ઉપક્રમે વિજેતાઓને સર્ટીફિકેટ આપીને તથા ડિસ્ટીંકશન મેળવેલ વિદ્યાર્થિનીઓને ફાઈલ થતા સર્ટીફિકેટ આપીને સન્માનિત કરવામાં આવી તથા કોમર્સ વિભાગની વિદ્યાર્થિનીઓ દ્વારા અભ્યાસવર્તુળની પ્રવૃતિઓનો અહેવાલ PPT ના માધ્યમથી રજુ કરવામાં આવ્યો અને વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. અંતમાં, આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ (ગુજરાતી માધ્યમ) ની વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કોમર્સ (ગુજરાતી માધ્યમ) ના કો-ઓર્ડિનેટર શ્રી કગથરાસાહેબ તથા પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

## ૧૨) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) ખેલકૂદ-યોગ-વ્યાયામધારા :-

પોરબંદર તાલુકા જિલ્લા તથા રાજ્યકક્ષાએ 'ખેલકૂદ મહાકુંભ' નો પ્રારંભ તથા તા. ૧૯/૦૧/૨૦૧૬ થી થયેલો તેમાં ડૉ. વી.આર.જી. મહિલા કોલેજની વિવિધ રમતગમતની ટીમોએ - વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, હેન્ડબોલ, એથ્લેટીક્સ, ચેસ, હોકી, રસ્સીખેંચ, જુડો વિગેરે સ્પર્ધાઓમાં તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ ચેમ્પીયન બની. હેન્ડબોલ, ખો-ખો અને વોલીબોલની ટીમ રાજ્યકક્ષાએ ભાગ લેવા માટે સુરત,

આણંદ તથા સાબરકાંઠા જેવા સ્થળોએ ગઇ હતી. ચેસ, રસ્સીખેંચ, કબડ્ડી અને હોકીમાં કોલેજની ટીમે રાજયકક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અંદાજિત ૩,૦૦,૦૦૦/- રૂપિયાની રકમનાં રોકડ ઈનામો પ્રાપ્ત કરેલ છે.

**૨) સર્જનાત્મક અભિવ્યક્તિધારા :-**

★ તા. ૦૫/૦૧/૨૦૧૬ના રોજ, 'અનુવાદલેખન સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થઇ હતી.

હિન્દી :- નિર્ણાયકશ્રી - ડૉ. સંગીતાબહેન પારેખ.

પ્રથમ વિજેતા - મારૂ ગીતા એસ. (સેમ.-૬), દ્વિતીય વિજેતા - કોટીયા હેમાંગી પી. (સેમ.-૪), તૃતીય વિજેતા - મોતીવરસ નિશા એમ. (સેમ.-૪)

અંગ્રેજી :- નિર્ણાયકશ્રી - ડૉ. ઈલાબહેન થાનકી.

પ્રથમ વિજેતા - કેશવાલા સંતોક (બી.કોમ.સેમ-૪), દ્વિતીય વિજેતા - શીંગરખીયા સંગીતા એચ. (બી.કોમ.સેમ.-૬), તૃતીય વિજેતા - ઓડેદરા મંજુ આર. (બી.કોમ.સેમ.-૪).

સંસ્કૃત :- નિર્ણાયકશ્રી - પ્રા.વર્ષાબહેન બી. જોષી.

પ્રથમ વિજેતા - ઓડેદરા નિશા જે. (બી.એ.સેમ.-૪), દ્વિતીય વિજેતા - લોઢારી અંજના જી. (બી.એ.સેમ.-૪), તૃતીય વિજેતા - ખૂંટી ગીતા એલ. (બી.એ. સેમ.-૪).

★ તા. ૧૯/૦૧/૨૦૧૬ ના રોજ, 'શીઘ્ર વાર્તાલેખન સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયકશ્રી - પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા. જેમાં ૫૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેના વિજેતાઓ, (૧) પ્રથમ - ઓડેદરા નેહલ ડી. (બી.એ.સેમ.-૪), (૨) દ્વિતીય - તોરણિયા કોમલ વી. (બી.કોમ.સેમ.-૪), (૩) તૃતીય - મહેતા ક્રિષ્ના એમ. (બી.કોમ. સેમ.-૪).

**૩) સામુદાયિક સેવાધારા :-**

★ તા. ૨૦/૦૧/૨૦૧૬ ના રોજ, સામુદાયિક સેવાધારાના ઉપક્રમે, બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ સંસ્થા (BAPS) ના સહયોગથી 'વ્યસનમુક્તિ અભિયાન' અંતર્ગત એક પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં BAPS ના કાર્યકરો દ્વારા વિદ્યાર્થિનીઓને ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ આ પ્રદર્શન નિહાળવાનો લાભ મેળવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ તથા ડૉ. રેખાબહેન મોઢાએ જહેમત ઉઠાવી હતી.

**૪) ગીત-સંગીત નૃત્યધારા :-**

★ તા. ૧૭/૧૨/૨૦૧૫ - ક્વીઝ સ્પર્ધા (ગીત). વિજેતાઓ - પ્રથમ : શીંગરખીયા સંગીતા (સેમ.-૬), દ્વિતીય : કોટીયા દિવ્યા (સેમ.-૪), તૃતીય : પરમાર સંતોક (સેમ-૪)

★ તા. ૦૭/૦૧/૨૦૧૬ - નૃત્ય સ્પર્ધા. વિજેતાઓ - (૧) ઓડેદરા આરતી (બી.એ. સેમ.-૬), (૨) ઠકરાર નિધિ - (બી.એ. સેમ.-૬).

**૫) નાટયધારા :-**

★ ૨૬/૧/૨૦૧૬ ના રોજ, પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં શ્રી ચેતનભાઈ દવે દ્વારા લિખિત - દિગ્દર્શિત નાટક 'અખંડતા' રજુ કરવામાં આવ્યું. જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**૬) રંગ-કલા કૌશલ્યધારા :-**

★ તા. ૧૨/૧૨/૨૦૧૫ ના રોજ, રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયું. જેમાં વિદ્યાર્થિનીઓએ વ્યક્તિગત તેમજ સામુહિક કક્ષાએ ભાગ લીધો હતો. જેના વિજેતાઓ આ પ્રમાણે છે :

૧) વ્યક્તિગત - પ્રથમ : ભણસાલી કેતકી પી. (બી.કોમ. સેમ-૨), દ્વિતીય : મૂલચંદાણી નિશા એસ. (બી.એ.સેમ-૪), તૃતીય : સામાણી ખ્યાતિ એસ. (બી.એસ.સી. સેમ-૨)

૨) સામુહિક - પ્રથમ : સલેટ ચાંદની એસ. (બી.કોમ.સેમ-૨), દ્વિતીય : મોતીવરસ પુજા એમ. (બી.એ. સેમ-૪)

★ તા. ૨૩/૧૨/૨૦૧૫ - On the spot drawing workshop.

★ તા. ૨૭/૧૨/૨૦૧૫ - Drawing competition રામકૃષ્ણ મિશન દ્વારા આયોજિત.

★ Expert Lecture - 'મહેંદી કલા' વિષય પર, વકતા - શ્રી રેશ્માબહેન નાયક (સપના બ્યુટી પાર્લર)

★ ગીફ્ટ કોમ્પીટીશન, તા. ૨૩/૦૧/૨૦૧૬ : વિજેતાઓ - પ્રથમ : દોશી શિવાની એમ. (બી.એસ.સી. સેમ-૪), દ્વિતીય : ગોહેલ કૃતિકા એમ. (બી.એ.સેમ-૬), તૃતીય - મોરઝરીયા ચાંદની - બી.એ.સેમ-૬

★ તા. ૩૧/૦૧/૨૦૧૬ - ડ્રોઈંગ વર્કશોપ તથા હસ્તકલા પરિચય.

## ૧૩) અભ્યાસ અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૪/૧૨/૨૦૧૫ -સુલેખન સ્પર્ધા - જેમાં ૧૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. નિણાર્યકશ્રી - પ્રા. વર્ષાબહેન જોષી. જેના વિજેતાઓ પ્રથમ - ડાકી આરતી એલ. (બી.એ.સેમ-૬), દ્વિતીય - મોઢવાડિયા મનીષા પી. (બી.એ.સેમ-૪), દ્વિતીય - ઓડેદરા નિશા જે. (બી.એ.સેમ-૪), તૃતીય - મારૂ ગીતા એસ. (બી.એ.સેમ-૬).

★ તા. ૯/૦૧/૨૦૧૬ - 'શૈક્ષણિક સંકુલ ચાપરડા' ની મુલાકાત - બી.એ.સેમ-૬ ની વિદ્યાર્થિનીઓ સાથે પ્રા. વર્ષાબહેન જોષીએ લીધી.

### ૨) ગુજરાતી અભ્યાસ વર્તુળ :-

★ તા. ૨૨/૧૨/૨૦૧૫ - અરજીલેખન સ્પર્ધા. વિજેતા - પ્રથમ : ઘેડીયા મંદિતા (બી.એ.સેમ-૪), દ્વિતીય : વાઘેલા ઉર્મિલા (બી.એ.સેમ-૬), તૃતીય : ઓડેદરા નેહલ (બી.એ.સેમ-૪)

★ તા. ૨૯/૧૨/૨૦૧૫ - અહેવાલ લેખન સ્પર્ધા. વિજેતાઓ - પ્રથમ : રાઠોડ ધરતી (બી.એ.સેમ-૬), દ્વિતીય : મૂલચંદાણી નિશા (બી.એ.સેમ-૪), તૃતીય : ગોહેલ : વિભૂતિ (બી.એ. સેમ-૬). બંને સ્પર્ધાઓમાં નિણાર્યકશ્રી. પ્રા. સુહાગિનીહેન ગરાસિયા.

★ તા. ૦૯/૦૧/૨૦૧૬ - 'શૈક્ષણિક સંકુલ ચાપરડા' ની મુલાકાત પ્રા. સુહાગિનીબહેન ગરાસિયાને બી.એ. સેમ-૬ (ગુજરાતી) ની વિદ્યાર્થિનીઓ સાથે લીધી.

### ૩) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-

★ તા. ૨૧/૧૨/૨૦૧૫ ના રોજ, સમગ્ર વર્ષ દરમ્યાન થયેલી પ્રવૃતિઓના ભાગ રૂપે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિદ્યાર્થિનીઓએ 'Best Student' તરીકે સન્માનિત કરવામાં આવી. આ કાર્યક્રમમાં 'શ્રી સાહેલી ગ્રામવિકાસ સંસ્થાન-બગવદર'ના પ્રમુખશ્રી શ્રીમતી નીતાબહેન વોરા ખાસ હાજર રહ્યા હતા. તેમના વરદ હસ્તે વિદ્યાર્થિનીઓને સન્માનિત કરવામાં આવી.

★ **Best Student B.A. sem - 2**

૧) નકુમ પાયલ પી. (૨) ગોસાઈ ચાંદની એ. (૩) શીંગરખીયા રેખા એ.

★ **Best Student B.A. sem - 4**

૧) પોપટ પૂર્વી પી. (૨) આગઠ લીરી પી. (૩) જોષી કિંજલ આર.

★ **Best Student B.A. sem - 6**

૧) ગોહેલ કૃતિકા એમ. (૨) ભુતિયા કિરણ બી. (૩) ખૂંટી ગીતા એલ.

ઉપરાંત આ કાર્યક્રમમાં શ્રીમતી નીતાબહેન વોરા દ્વારા 'Self Help Group' અંગેની વિગતવાર માહિતી વિદ્યાર્થિનીઓને પુરી પાડવામાં આવી.

★ તા. ૦૧/૧૨/૨૦૧૫, તા. ૦૮/૧૨/૨૦૧૫ તથા તા. ૨૯/૧૨/૨૦૧૫ તથા જાન્યુઆરી માસ દરમ્યાન તા. ૦૫/૧/૨૦૧૬, તા. ૧૨/૦૧/૨૦૧૬ તથા તા. ૧૯/૦૧/૨૦૧૬ ના રોજ, બી.એ. સેમ-૬ ની વિદ્યાર્થિનીઓએ BISAG Lecture નો લાભ આપવામાં આવ્યો.

### ૪) સમાજશાસ્ત્ર અભ્યાસવર્તુળ :-

★ તા. ૩૧/૧૨/૨૦૧૫ ના રોજ, એક્ષ્પર્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. મમતાબેન ભટ્ટ દ્વારા 'સ્ત્રીરોગ વિષય પર વકતવ્ય આપવામાં આવ્યું.

★ તા. ૨૮/૦૧/૨૦૧૬ના રોજ, લાઈબ્રેરી ખાતે સમાજશાસ્ત્ર વિષયનાં પુસ્તકોનું એક પ્રદર્શન યોજવામાં આવ્યું. જેમાં બી.એ. સેમ-૬ની વિદ્યાર્થિનીઓએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ તથા પ્રાધ્યાપકશ્રીઓએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. પુસ્તકો અંગેની માહિતી મેળવી હતી. આ પ્રદર્શન અંગે પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ, પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થિનીઓ પાસેથી Feedback પણ મેળવવામાં આવ્યા હતા.

### ૫) કોમર્સ વિભાગ (અંગ્રેજી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૨/૧૨/૨૦૧૫ ના રોજ, ' Poster Making ' તથા ' On the spot Quiz Competition ' સ્પર્ધાનું આયોજન કરાયું. 'પોસ્ટર મેકીંગ કોમ્પીટીશન' Theme Based હતી. એ થીમ આ પ્રમાણે હતી :

1) Make in India (2) Tolerate India (3) Disaster Management (4) World Forest.

જેના વિજેતાઓ - પ્રથમ : જોષી ભક્તિ/કોટેચા મિતાલી (સેમ-૨), દ્વિતીય : ગોરખીયા હિમાલી (સેમ-૬)/નકુમ સોનાલી (સેમ-૨). નિર્ણાયકશ્રી - પ્રા. ઋષિભાઈ પંડયા.

**One the spot Quiz Competition** - જેના વિજેતાઓ : પ્રથમ - કારાવદરા ભાવના, પાણખાણિયા એકતા, શર્મા જાનકી (સેમ-૬),

દ્વિતીય - જયસ્વાલ કિંજલ, મદલાણી આયુષી, પરમાર વનિતા, પંડિત શિવાની, ઓડેદરા હીરા, ગઢવી અફીઝા, ભડિયાદ્રા હની, ગિરાચ શમશાદ, સુદ્રા હીરલ તથા અમી (સેમ-૪), તૃતીય : નાંઢા રિદ્ધિ (સેમ-૨). નિર્ણાયકશ્રી : પ્રા. મિતલ જેઠવા અને પ્રા. જાનકી કોટેચા.

★ તા ૧૯/૧૨/૨૦૧૫ ના રોજ, 'વાર્તાલેખન સ્પર્ધા' નું આયોજન પ્રા. ઋષિભાઈ પંડયા દ્વારા કરાયું. જેના વિજેતાઓ : પ્રથમ : ધડા ઝરીના, દ્વિતીય : ગાંધી ધ્વનિ, તૃતીય : વારા અવનિ અને પારેખ મીરાં. નિર્ણાયકશ્રી : પ્રા. મિતલ જેઠવા, પ્રા. ભાવિકા ગોહેલ અને પ્રા. કોટેચા નિધિ. કાર્યક્રમનું સંચાલન - નિરાલી મશરૂ અને રિદ્ધિ જોષી. (સેમ-૨).

★ તા. ૨૬/૧૨/૨૦૧૫ ના રોજ, કબડ્ડી અને ખો-ખોની રમતને કેન્દ્રમાં રાખીને Playground Activity કરવામાં આવી.

★ તા. ૦૨/૦૧/૨૦૧૬ ના રોજ, 'Solo Dance Competition' નું આયોજન પ્રા. જાનકી કોટેચા દ્વારા કરવામાં આવ્યું. જેના વિજેતાઓ : પ્રથમ - ઢાંકી હેલી (સેમ-૬), મદલાણી આયુષી (સેમ-૪). દ્વિતીય : કોટીયા મિતલ (સેમ-૪) અને દાવડા પ્રિયંકા (સેમ-૨), દાઉદીયા ચેતના (સેમ-૨) અને ધોકીયા વ્રીંદા (સેમ-૨). નિર્ણાયકશ્રી પ્રા. મિલત જેઠવા/ પ્રા. ચાંદની દવે. કાર્યક્રમનું સંચાલન : માનસી ભુતિયા અને ગદકાઈ અફ્રોઝા (સેમ-૪)

★ તા. ૦૯/૦૧/૨૦૧૬ ના રોજ, AD-MAD Show નું આયોજન પ્રા.ચાંદની દવે દ્વારા કરવામાં આવ્યું. જેમાં ૯ ગ્રુપ બનાવવામાં આવ્યા હતા. જેના વિજેતાઓ - પ્રથમ Shining Stars Group sem-6, દ્વિતીય : છાયા આશિયાના - ગ્રુપ (સેમ-૨), તૃતીય : હેલી ઢાંકી - ગ્રુપ (સેમ-૬) / વિશ્વા ઠકરાર - ગ્રુપ (સેમ-૨).

ઉપરાંત એક સ્પેશ્યલ ઈનામ વદ્દાર શિતલ - ગ્રુપ (સેમ-૪) ને આપવામાં આવ્યું. નિર્ણાયકશ્રી : પ્રા. વિપુલભાઈ દાસાણી/પ્રા. જાનકી કોટેચા. કાર્યક્રમનું સંચાલન : નિધિ મોનાણી (સેમ-૬) / મજીઠીયા પુજા (સેમ-૬).

★ તા. ૨૩/૦૧/૨૦૧૬ ના રોજ, અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન પ્રા. જાનકી કોટેચા દ્વારા કરવામાં આવ્યું. જેના વિજેતાઓ : પ્રથમ ચરાડવા કૃપા - ગ્રુપ (સેમ-૪), દ્વિતીય : વદ્દાર શિતલ - ગ્રુપ (સેમ-૪), તૃતીય પ્રતિષ્ઠા રેણુકા - ગ્રુપ (સેમ-૪). કાર્યક્રમ સંચાલન - ગજરા ઈશાની / ભુતિયા કૃપા (સેમ-૬).

★ તા. ૩૦/૦૧/૨૦૧૬ ના રોજ, One Minute Competition નું આયોજન કરાયું. જેમાં ૪૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. જેના વિજેતાઓ : પ્રથમ - રેણુકા પ્રતિષ્ઠા (સેમ-૪), દ્વિતીય - જયસ્વાલ કિંજલ (સેમ-૪), તૃતીય : લોઢારી રિદ્ધિ (સેમ-૪), ચર્તુથ : કોટીયા મિતલ (સેમ-૪)

### ૬) હોમસાયન્સ અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૬/૧૨/૨૦૧૫, પેપર ક્વીલીંગ વર્કશોપનું આયોજન કરાયું. જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓ તરૂણા બડવા તથા અશ્વિની સોનીગ્રાએ મહત્વની ભુમિકા ભજવી.

★ તા. ૩૧/૧૨/૨૦૧૫ - લોકગીત સ્પર્ધાનું આયોજન કરાયું. જેના વિજેતાઓ, પ્રથમ - ગોસ્વામી હેતલ, દ્વિતીય - ઓડેદરા પ્રજ્ઞા, તૃતીય - વારા હિના અને ખૂંટી હીરલ. નિર્ણાયકશ્રી - પ્રા. ચેતનાબહેન બેચરા અને પ્રા. કેતનભાઈ શાહ.

★ ૧૧/૧૨/૧૩-૦૧-૨૦૧૬ : બાંબુ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 'નવજીવન ટ્રસ્ટ'ના શ્રી જયેશભાઈ ભટ્ટએ સેવાઓ આપી હતી. પ્રા. ચેતનાબહેન બેચરા તથા પ્રા. સ્મિતાબહેન આચાર્ય દ્વારા આયોજન કરવામાં આવેલું.

★ તા. ૨૨/૦૧/૨૦૧૬ - 'વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા' જેના વિજેતાઓ, પ્રથમ - ગોસ્વામી હેતલ, દ્વિતીય : વારા હિના /ચુડાસમા હરિતા. નિણાર્યકશ્રી : પ્રા. ચેતનાબહેન બેચરા.

★ તા. ૩૦/૦૧/૨૦૧૬ - Expert Lecture. વક્તા : પ્રા. દેવાયતભાઇ બાકુ. વિષય : 'કિશોરવસ્થાની સમસ્યાઓ અને નિવારણ'.

## ૧૪) વર્ષગાંઠ અભિનંદન :-

'જ્યોતિર્ગમય'ના પ્રસ્તુત અંકમાં આગામી ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૬ માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેવા ડૉ. વી.આર.જી મહિલા કોલેજ પરિવારના સભ્યશ્રીઓને વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતાં 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

ફેબ્રુઆરી-૨૦૧૬

૧) તા. ૧૭ ફેબ્રુઆરી - આદરણીય મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા.
૨) તા. ૧૨ ફેબ્રુઆરી - પ્રા. રણમલભાઈ મોઢવાડીયા
૩) તા. ૧૪ ફેબ્રુઆરી - શ્રી જલ્પાબહેન મહેતા
૪) તા. ૦૫ ફેબ્રુઆરી - પ્રા. શબીના શિવાની

માર્ચ-૨૦૧૬

૧) તા. ૦૬ માર્ચ - ડૉ. વી.આર.જી. શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી આદરણીય ડૉ. વિરમભાઈ ગોઢાણિયા
૨) તા. ૧૧ માર્ચ - પ્રા. ડૉ. ભાવનાબહેન મશરૂ
૩) તા. ૧૩ માર્ચ - પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા
૪) તા. ૧૮ માર્ચ - પ્રા. વર્ષાબહેન જોષી
૫) તા. ૨૫ માર્ચ - શ્રી સોનલબહેન પાંડવ

ઉપરના સર્વેને જન્મદિવસનાં ખુબ ખુબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

## ૧૫) હોસ્ટેલ કોર્નર :-

★ તા. ૦૧/૦૧/૨૦૧૬ પૂજ્ય માલદેબાપુની પુણ્યતિથિ નિમિતે હોસ્ટેલની ૫૦૦ વિદ્યાર્થિનીઓ ચોપાટી મેદાન ખાતે યોજાયેલ શોભાયાત્રામાં જોડાઈ હતી. બપોરે ૨:૩૦ વાગ્યાથી સાંજના ૭:૦૦ વાગ્યા સુધી હાજરી આપી હતી તથા કુ. પુજા બી. મોઢવાડિયા - એમ.કોમ. તથા કુ. મંજુ આર. ઓડેદરા - બી.કોમ.સેમ-૪ એ કાર્યક્રમમાં સ્પીચ આપી હતી.

★ તા. ૦૩/૦૧/૨૦૧૬ - વાલીમિલન દરમ્યાન હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ પોતાના વાલીઓને મળવાની તક મળી. સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી આ મિલન સમારોહ ચાલુ રહ્યો.

★ તા. ૧૪/૦૧/૨૦૧૬ - ઉતરાયણ નિમિતે હોસ્ટેલના વાર્ષિક રમતોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ક્રિકેટ, ૧૦૦ મીટર દોડ, વિઘ્ન દોડ, વોલીબોલ, બરછીફેંક, ગોળાફેંક, ઉંચી કૂદ જેવી રમતોમાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા તથા શ્રી ભરતભાઈ વિસાણા હાજર રહ્યા હતા. સાંજના સમયે વિદ્યાર્થિનીઓને ચોપાટી ફરવા જવાની તક મળી તથા રાત્રે મણિયારો રાસ રમીને સૌ છુટા પડયાં.

★ તા. ૩૧/૦૧/૨૦૧૬ - હોસ્ટેલનો વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો. જેમાં હોસ્ટેલની વિદ્યાર્થિનીઓએ પોતાની પ્રતિભાની અભિવ્યક્તિની તક મળી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે, 'દીકરીઓના સર્વાંગી વિકાસ માટે હું સરસ પ્લેટફોર્મ પુરૂં પાડી રહ્યો છું. તમારે જીવનમાં લક્ષ્ય હંમેશા ઉંચું રાખવું અને પરિશ્રમ દ્વારા ધ્યેયપ્રાપ્તિ માટે પ્રયાસો કરવા' તથા સમયનો સદ્‌પયોગ કરવાની બાબત પર ખાસ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થિનીઓએ દેશભક્તિ, નૃત્ય, વકતૃત્વ, રાસ-ગરબા તથા વિવિધ કલાઓનાં પ્રદર્શન દ્વારા સંધ્યાને રળિયામણી બનાવી હતી.

## ૧૬) ટીચર્સ કોર્નર :- હોમસાયન્સ વિભાગ :-

★ **ડૉ. ચેતનાબહેન બેચરા :-**

''જો સમાજને ઉંચો લાવવો છે તો એ જરૂરી છે કે દરેક કુટુંબના રહેણીકરણીના સ્તરને ઉંચો લાવવા પ્રયાસો કરવા. જો સમાજમાં રહેલ દરેક કુટુંબ સુખી અને સમૃદ્ધ હશે તો સમાજ પણ તેવો બનશે અને આખા રાષ્ટ્રનું કલ્યાણ સંભવ બનશે.''

★ **ડૉ. સ્મિતાબહેન આચાર્ય :-**

''આત્મવિશ્વાસ જ અદ્‌ભુત, અદશ્ય અને અનુપમ શક્તિ છે. જેના આધારે જ તમે તમારા ધ્યેય તરફ આગળ વધો છો. તે જ તમારો આત્મા છે. તે જ તમારો પથદર્શક છે.- સ્વેટ માર્ડન ''

## ૧૭) સ્ટુડન્ટ કોર્નર :-

આગમન વસંતઋતુનું...

આગમન થયું વસંતઋતુનું
સૃષ્ટિમાં આવ્યું નવચેતન
આવ્યો સૃષ્ટિમાં ઉત્સાહ ઉમંગ

હરખાયા વેલા, ફુલોને વૃક્ષો
જન્મ લેશે નવી કુંપળો
ઉગશે નવા પુષ્પો ને પાન
આગમન થયું વસંતઋતુનું

ચહેકશે પક્ષીઓ હરખાશે પ્રાણીઓ
હરખાશે સમસ્ત જીવસૃષ્ટિ
મા સરસ્વતીનું અનોખું સ્વરૂપ
આનંદ આપશે સમસ્ત સૃષ્ટિને

આગમન થયું વસંતઋતુનું
સૃષ્ટિમાં આવ્યું નવચેતન...

- ઘેડીયા નંદિતા જે.
(એસ.વાય.બી.એ.)

સુવિચાર

વૃક્ષો કહે અમને ના છેદો,
અમોને છે સ્પંદન,
કપાઈ જઈએ તો પણ દઇએ
મહેક ચંદન,
નદી પીએ ના જલ અપના,
તરૂ ન ખાએ ફુલ,
પરમાર્થ કે કારણ દોનો
જીવન કિયા સફલ.

વૃક્ષો આપણી જીંદગી છે,
તે વૃક્ષો છે આધાર,
પર્યાવરણ બચાવવા
લગાઓ વૃક્ષોની કતાર,
વૃક્ષો વિનાની આ ધરા,
લાગશે બોડીબટ,
પર્યાવરણ જોખમાશે તો
મરશું ફટોફટ

- ગોસ્વામી હેતલ
બી.(એસ.વાય.બી.એ.)

## ૧૮) પ્રિન્સિપાલશ્રીની કલમે :-

Dear students,

As we move ahead towards making qualitative progress in the infinite domain of education, it is important to also periodically look back and reflect whether we are moving in the right direction equipped with the **seven** essential virtues of life and living or not? Of these, **Prudence, Temperance, Justice, Courage** are considered as the four **cardinal** virtues, while the remaining three i.e., **Hope and Faith and Chastity** are looked upon as **theological** virtues. Our education needs to ensure the practical implementation of these virtues along with formal education. And one of the ways of imbibing these virtues is through avoiding **NED** i.e., Negativity, Escapism and Dogmatism.
Be happy and prosperous.

-Dr. Anupam Nagar

## ૧૯) તંત્રીસ્થાનેથી :-

પ્રત્યેક સમાજમાં તહેવારો અને ઉત્સવો પરંપરાગત ચાલ્યા આવે છે અને પ્રત્યેક તહેવાર પાછળ કોઈ અર્થપૂર્ણ દષ્ટિ હોય છે; અર્થાત્ : તેનું આંધળું અનુકરણ, માનવીને વિનિપાત તરફ જ ઘસડી જાય છે. પરંતુ સમજણપૂર્વક આચરણ કરવામાં આવે તો વ્યક્તિ અને સમાજ બંનેને વિકાસને પંથે લઇ જાય. હોળી અને ધૂળેટીનો ઉત્સવ એટલે માનવી મનને માંજવાનો ઉત્સવ છે. જીવનમાં પવિત્રતા લાવવાનો ઉત્સવ છે. આસુરી વૃતિને હાથે પુરાયેલી જીવનની રંગીન વૃતિને, ગુલાબી વૃતિને મોકળા મને વહેતી મુકવાનો ઉત્સવ છે. આની પાછળ રહેલી ભાવના સમજીએ અને આપણા ઉત્સાહ અને ઉમંગને શિસ્તમાં વહેતા મુકીએ.

**ડૉ. રેખાબહેન મોઢા**
**પ્રા. વર્ષાબહેન જોષી**

**શ્રી સુરેશભાઈ ગોરસીયા**

**શ્રી કલ્પનાબહેન જોષી**
**પ્રા. ઋષિભાઈ પંડયા**